આંક– .......

મહે.લેબર કોર્ટ અમદાવાદના એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (સી.ડી.) સાહેબ સમક્ષ , જિ.અમદાવાદ.

ફોજદારી કેસ નં.૬૪૨/૨૦૨૦.

ફરીયાદી – સરકારી શ્રમ અધિકારી / નિરીક્ષકશ્રી

વિરુદ્ધ

આરોપી – ૧. કુમાર સ્પીનટેક્ષ પ્રા. લિ.,
પ૩પ, તાજપુર રોડ, ચાંગોદર, તા.સાણંદ, જી.અમદાવાદ.
૨. શ્રી વિશાલ બળવંતરાય અગ્રવાલ–ડાયરેકટરશ્રી,
ક/ઓ. કુમાર સ્પીનટેક્ષ પ્રા. લિ.,
પ૩પ, તાજપુર રોડ, ચાંગોદર, તા.સાણંદ, જી.અમદાવાદ.

**ગુન્હો–** કોન્ટ્રાક્ટ મજુર નિયમન અને નાબુદી અધિનિયમ ૧૯૭૦ ની કલમ ૨૪ હેઠળ.

## ચુકાદો

(૧) આ કામના ફરીયાદીની ફરીયાદની ટુંકી હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરીયાદીએ આરોપ સામે **કોન્ટ્રાકટ મજુર નિયમન અને નાબુદી અધિનિયમ ૧૯૭૦** અન્વયેના **જુદા જુદા નિયમો**ના ભંગ સંદર્ભેની ફરીયાદ અત્રેની કોર્ટ સમક્ષ કરેલ છે. વધુમાં આરોપીએ સદરહું કાયદાની **કલમ ૨૪** મુજબની શિક્ષાને પાત્ર ગુનો કરેલ હોવાનું કથન કરેલ છે. ફરીયાદીની સદરહું ફરીયાદ અન્વયે ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૯૦ (૧)(એ) મુજબ રજુ થયેલ હોઈ જેથી સદરહુ કાયદાની કલમ ૨૦૦(એ) વંચાણે લેતાં કલમ ૨૦૪ માં જણાવ્યા મુજબ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીની સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ થયેલ.

(૨) ત્યારબાદ આ કામમાં આરોપી હાજર થયેલ છે અને તેઓએ ગુનો કબુલ કરતાં હોવાની પુરસીસ રજુ કરેલ છે. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૨૫૧ મુજબ તેઓને ગુનાની વિગતો જણાવવામાં આવેલ તેમજ ફરીયાદની નકલ આપવામાં આવેલ તેઓને ગુનો કબુલ છે કે કેમ ? તેવું પુછવામાં આવતાં તેઓએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે . તેમજ ઉપરોક્ત વિગતે ગુનાની કબુલાત પુરસીસ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૨૫૨ અન્વયે રજુ કરેલ છે. આરોપીએ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુનો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુનો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે તેમ છતાં આરોપીએ પોતાનો ગુનો કબુલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

આરોપીએ તેઓનો સદરહું પ્રથમ ગુનો હોય તેમ જણાવી તેમજ ભવિષ્યમાં આવો ગુનો કરશે નહિ તેની ખાતરી આપી અને તેઓને એક તક આપવા અરજ કરેલ છે તથા સજા કર્યા વિના છોડી મુકવા અથવા તો કાયદા મુજબ ઓછા માં ઓછી સજાથી

પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૩) આ કામમાં આરોપી સામેના ગુનાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **કોન્ટ્રાકટ મજુર નિયમન અને નાબુદી અધિનિયમ ૧૯૭૦** અન્વયેના **નિયમો** નો ભંગ કરીને સદરહું કાયદાની **કલમ ૨૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે. તે ગુના સંદર્ભે કાયદામાં જે સજાની ન્યુનત્તમ જોગવાઈ છે તે ધ્યાને લેતાં તેમજ આરોપી સામેનો હાલનો પ્રથમ ગુનો હોઈ અને આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરતાં હોય તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતાં તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, સજાની જોગવાઈ તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ગુજરાત વિ. નટવર હરચંદ ઠાકોર , ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપરના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતને ધ્યાને લેતાં આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછા દંડની સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુનો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

## હુકમ

(૧) આ કામના આરોપીઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ ૨૫૨ મુજબ **કોન્ટ્રાકટ મજુર નિયમન અને નાબુદી અધિનિયમ ૧૯૭૦** અન્વયેના **નિયમ-૧૭(૧), ૭૪, ૭૨, કલમ-૯(ક) અને ૨૧ (૪)** ના ભંગ બદલ સદરહું કાયદાની **કલમ ૨૪** હેઠળ દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને **રૂા.૫,૦૦૦/-** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો તેઓએ જાતે એક માસની સાદી કેદ ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તા.૨૬/૬/૨૦૨૨.
સ્થળ : અમદાવાદ.

(હેમાંસુ અમૃતલાલ ભુતવાલા)
એડિશ્નલ ચીફ જયુડિશ્યલ મેજીસ્ટ્રેટ,
ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)
મજૂર અદાલત, અમદાવાદ.
CODE-GJ00883

HMPRAJAPATI,PA.